# "કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,વ્યારા ખાતે બંધારણ દિવસની ઉજવણી કાર્યક્રમ યોજાયો"

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ–ન્યુ દિલ્હી દ્વારા પુરસ્કૃત અને નવસારી કૃષિ યુનિવર્સિટી–નવસારી દ્વારા સંચાલિત તાપી જિલ્લાનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર – વ્યારા ખાતે કાર્યરત છે. આ કેન્દ્ર દ્વારા તા. ૨૩/૧૨/૨૦૧૯ના રોજ 'બંધારણ દિવસની'ની ઉજવણી કરવામાં આવી હતી. સદર કાર્યક્રમમાં કુલ મળીને ૧૦૩ ખેડૂતો અને અધિકારીશ્રીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ.સી.ડી.પંડયા એ મહેમાનોને આવકારી બંધારણ દિવસના ઉજવણીની અગત્યતા વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષશ્રી નિતિનભાઈ પ્રધાન, પ્રમુખશ્રી, બાર એસોશિએશન, વ્યારા દ્વારા નાગરિકોના મૂળભૂત અધિકારો અંગે માહિતી આપવામાં આવી હતી તથા આદિવાસીઓની જમીન અંગેના બંધારણીય કાયદાની જોગવાઈઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. એન. એમ. ચૌહાણ, પ્રિન્સીપાલ પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર દ્વારા ખેડૂતો માટે બંધારણના કાયદાઓ અંગેનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ખેડૂતો તથા વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નોત્તરી સેશન રાખવામાં આવ્યું હતું જેમાં ખેડૂતોનાં કાયદાકીય મુશ્કેલીઓનું શ્રી નિતિન પ્રધાન દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક વ્યકિત દ્વારા બંધારણના આમુખનું વાંચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ડૉ. સી. ડી. પંડયા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કે.વિ.કે., વ્યારા દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો. આરતી એન. સોની, વૈજ્ઞાનિક (ગૃહવિજ્ઞાન) દ્વારા કરવામાં આવ્યું હતું.

